# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-06-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM – પેરિસમાં વિવાટેક સમિટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યાં પરંપરાગત અભિગમો નિષ્ફળ જાય છે ત્યાં નવીનતા ઉકેલો પૂરા પાડી શકે છે. ફ્રાંસના પેરિસમાં વિવાટેક 2026 સમિટને સંબોધતા, પ્રધાનમંત્રીએ ડિજિટલ ચુકવણી, નાણાકીય સમાવેશ, શિક્ષણ, આરોગ્યસંભાળ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં ભારતના ઝડપી ટેકનોલોજી-સંચાલિત પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો.

**------------------------------------------------------------------------------------**

## CM – અલનીનો અંગે બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આગામી અલ-નીનોના સંભવિત પ્રભાવ સામે રાજ્યની સજ્જતાની સમીક્ષા કરવા માટે એક સર્વગ્રાહી અને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃષિમંત્રી જીતુ વાઘાણી તેમજ કૃષિ, સિંચાઈ, પાણી પુરવઠો, નર્મદા, વન અને મહેસૂલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**------------------------------------------------------------------------------------**

## હજ સમીક્ષા બેઠક

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નવી દિલ્હીમાં હજ સમીક્ષા બેઠક 2027 ની અધ્યક્ષતા કરી હતી. સમીક્ષા બેઠક બાદ મીડિયાને માહિતી આપતા શ્રી રિજિજુએ હજ 2026 ને ભારતના ઇતિહાસમાં સૌથી સફળ હજ ગણાવ્યું.

મંત્રીએ કહ્યું કે ભારતને હજ 2026 માટે સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રાલય તરફથી બે લબ્બેતુમ એવોર્ડ મળ્યા છે. તેમણે નોંધ્યું કે સરકાર હજ 2027 માટે ટૂંક સમયમાં નવી હજ નીતિની જાહેરાત કરશે.

**--------------------------------------------------------------------------------**

રાજ્યકક્ષાનો યોગ દિવસ

ગાંધીનગરના માણસા તાલુકામાં આગામી 21 જૂને રાજ્યકક્ષાનો આંતર- રાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં વિશિષ્ટ સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યા છે. તે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો યોગ દિવસ ઉજવાશે. તેમાં ચાર હજારથી વધુ લોકો ભાગ લેશે. ઉપરાંત આ વર્ષે યોગા ફોર હેલ્દી એજિંગ વિષયવસ્તુ હેઠળ રાજ્યભરની શાળાઓ, કૉલેજ, કૉર્પોરેટ ઑફિસ, ઉદ્યોગો, બગીચાઓ અને જાહેર માર્ગો પર મળી 24 હજાર જેટલા કાર્યક્રમ યોજાશે.

**--------------------------------------------------------------------------------**

NTA – NEE UK પરીક્ષા

**નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTA એ વિદ્યાર્થીઓને શાંત રહેવા અને NEET UG 2026 ની પરીક્ષા માત્ર ત્રણ દિવસ દૂર હોવાથી તેમની તૈયારી પર વિશ્વાસ રાખવા માટે પ્રોત્સાહિત કરતો સંદેશ જાહેર કર્યો છે. એજન્સીએ કહ્યું કે ઉમેદવારોએ આખું**

**વર્ષ સખત મહેનત કરી છે અને હવે તેઓએ પરીક્ષામાં પોતાનું શ્રેષ્ઠ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.**

**પરીક્ષા એજન્સીએ વિદ્યાર્થીઓને ખાતરી પણ આપી હતી કે સલામત, ન્યાયી અને પારદર્શક પરીક્ષા સુનિશ્ચિત કરવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. NTA એ જણાવ્યું હતું કે પ્રમાણિક વિદ્યાર્થીઓનું રક્ષણ કરવા માટે છેતરપિંડી અથવા ગેરરીતિના કોઈપણ પ્રયાસ સામે કડક કાર્યવાહી કરાશે. એજન્સીએ કહ્યું, MANAS હેલ્પલાઇન 14416 પર માનસિક સ્વાસ્થ્ય સહાય ઉપલબ્ધ છે.**

**--------------------------------------------------------------------------------**

## અંજારમાં જન કલ્યાણ શિબિર

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે કચ્છમાં 'જનકલ્યાણ શિબિર' યોજવામાં આવી રહી છે, જે ઉપક્રમે ગઈકાલે  અંજાર તાલુકાના મીઠા પસવારીયા ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ જન કલ્યાણ શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે રાજ્યમંત્રીના હસ્તે નવનિર્મિત પ્રાથમિક શાળા તથા ગ્રામ પંચાયતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જનકલ્યાણ શિબિરમાં રાજ્યમંત્રીના હસ્તે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું.

**--------------------------------------------------------------------------------**

## લખપતના ગામોમાં મોબાઇલ મેડિકલ યુનિટ

લખપતના અંતરિયાળ ગામોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરઆંગણે જ ગુણવત્તાસભર પ્રાથમિક તબીબી સુવિધાઓ મળી રહે તે હેતુથી લખપત પંથકના  26 ગામો માટે સાપ્તાહિક રૂટ શેડ્યૂલ ધરાવતી અદ્યતન

`મોબાઇલ મેડિકલ યુનિટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સેવા પ્રકલ્પ MCX CCL કંપની દ્વારા સીએસઆર ફંડમાંથી સહયોગ અપાયો છે.

લેવા પટેલ હોસ્પિટલ પરિસર ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્ય અતિથિ સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્વાસ્થ્ય યોજનાઓ સાથે સામાજિક સંસ્થાઓ પણ આગળ આવે છે ત્યારે છેવાડાના ગામડાઓ સશક્ત બને છે.  ત્યારે ગ્રામીણ જનતાને આ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

## જિલ્લાકક્ષાનો યોગ દિવસ

21 જૂનના દિવસે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે કચ્છમાં જિલ્લાકક્ષાની તેમજ તાલુકાકક્ષાની ઉજવણીને લઈને અધિક કલેક્ટર પ્રોટોક્લ  પ્રણવ વિઠાણીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ સ્મૃતિવન-ભુજ ખાતે યોજવામાં આવશે,

---------------------------------------------------------------------------------------